મહેમદાવાદમાં ભારે વરસાદ બાદ પાણી નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા ન હોવાથી ખેડૂતો ડૂબ્યાં

મહેમદાવાદના 12 ગામની 3 હજાર વીઘા જમીન જળમગ્ન

નહેર અને એક્સપ્રેસ હાઈવેને કારણે પાણીના નિકાલનો પ્રશ્ન

(પ્રતિનિધિ) નડિયાદ, તા.1

ખેડા જિલ્લામાં પડેલા ભારે વરસાદને કારણે મહેમદાવાદ તાલુકાના ખેડૂતોને મોટું નુકસાન થયું છે. તાલુકાના લગભગ 12 ગામોની અંદાજે 3 હજારથી વધુ વીઘા ખેતીલાયક જમીન પાણીમાં ગરકાવ થઈ ગઈ છે. આ પરિસ્થિતિનો ચોક્કસ અંદાજ મેળવવા માટે ડ્રોનથી વીડિયો પણ લેવામાં આવી રહ્યા છે.

મહેમદાવાદ તાલુકામાં મુશળધાર વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે, જેના કારણે ખેડૂતોને મોટી નુકસાની વેઠવી પડી રહી છે. ખેતરોમાં પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાને કારણે લાંબા સમય પછી પણ પાણી ભરાયેલા જોવા મળી રહ્યા છે. મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણે સુરજપુરા, જાલમપુરા, ઘોડાસર, મોદજ, દાજીપુરા અને ભુમાપુરા સહિતના ગામોમાં થયેલા નુકસાન અને વર્તમાન પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું.ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણે જણાવ્યું કે નહેર અને એક્સપ્રેસ હાઈવેના બાંધકામ પછી ખેતરોમાં પાણી ભરાઈ રહે છે, જે વર્ષો જૂનો પ્રશ્ન છે. તેમણે ઉમેર્યું કે અંદાજે 3000 થી 3500 વીઘા જમીન અતિવૃષ્ટિનો ભોગ બની છે. આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે રાજ્ય સરકારમાં રજૂઆત કરવામાં આવશે. હાલના તબક્કે, કલેક્ટર અને ખેતીવાડી અધિકારીને સર્વે કરીને ખેડૂતોને નુકસાનનું વળતર આપવા માટે પણ માંગ કરવામાં આવશે.

ઠાસરામાં ગઠિયાએ એક લાખની ઠગાઈ આચરી

(પ્રતિનિધિ) ઠાસરા, તા.1

ઠાસરામાં રહેતા જતીનભાઈ ચંદુલાલ અમીન ઓનલાઈન ફ્રોડનો શિકાર બન્યા છે. તેઓને 24મી જૂનના સોશ્યલ મિડિયા પર મેસેજ આવ્યો હતો. જેમાં સસ્તા ભાવે ફર્નીચર આપવાનુ કહી જતીનભાઈને ભોળવ્યાં હતા. બાદમાં ફર્નીચરના ફોટા મોકલી જતીનભાઈનો વિશ્વાસ કેળવ્યો હતો અને પછીથી બંધન બેન્કનો એકાઉન્ટ નંબર મોકલી અલગ અલગ રીતે રૂ. એક લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યાં હતાં. જો કે જતીનભાઈને ગરબડ લાગતા પૈસા પાછા માંગ્યાં હતાં. પરંતુ ગઠિયાએ ફોટા અને મેસેજ ડીલીટ કરી ફોન સ્વિચ ઓફ કરી દીધો હતો. આ અંગે જતીનભાઈએ અજાણ્યાં ફોન નંબર વાળા ધુતારા સામે ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

મહેમદાવાદના રૂદણના તળાવમાં ફસાયેલા 50 કપીરાજનું રેસ્ક્યુ

મહેમદાવાદના રૂદણ ગામના ડાકનિયા તળાવમાં ભારે વરસાદના કારણે પાણીની આવક થતાં તળાવ છલકાઈ ગયું હતું. આ તળાવની મધ્યમાં આવેલા બાવળના ઝાડ પર 50 જેટલા વાનરો ફસાયાં હતાં. જેના કારણ કે તેમની પાસે બહાર નીકળવાનો કોઈ રસ્તો નહોતો. ગામના સરપંચ વિજયભાઈ સોલંકી અને સ્થાનિકોને આ વાતની જાણ થતાં તેઓ તરત જ તળાવ પાસે દોડી આવ્યા હતા. સરપંચ વિજયભાઈ સોલંકી અને સ્થાનિકોએ કોઠા સૂઝથી વાંસની સીડી બનાવીને બાવળના ઝાડ સુધી પહોંચાડી હતી. આ સીડીનો ઉપયોગ કરીને એક પછી એક કપિરાજ સુરક્ષિત રીતે તળાવના પાણીમાંથી બહાર નીકળી ગયા હતા. સરપંચના જણાવ્યા મુજબ, આ કપીરાજ છેલ્લા 5 દિવસથી ફસાયા હતા અને તેમને બહાર કાઢવાની કામગીરી છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહી છે.

નડિયાદ ડેપોને 4 નવી બસ ફાળવાઈ

નડિયાદ ડેપો સંચાલિત 4 રૂટ પર ગુજરાત એસટી નિગમ દ્વારા નવી સુપર ડીલક્સ બસો ફાળવવામાં આવી છે. આ નવી બસોનું લોકાર્પણ નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈ અને એસટી વિભાગીય નિયામક સી.ડી. મહાજન દ્વારા લીલી ઝંડી આપીને કરવામાં આવ્યું હતું. આ 4 બસોમાંથી 2 બસો ઝાલોદ-ઉના રૂટ પર (અપ-ડાઉન), જ્યારે અન્ય 2 બસો નડિયાદ-રાધનપુર અને નડિયાદ-મોરબી રૂટ પર દોડશે. અગાઉના રૂટની બસોના કિલોમીટર પૂર્ણ થતાં આ નવી બસો ફાળવવામાં આવી છે. આ નવીન બસોથી હજારો મુસાફરોની સુવિધામાં વધારો થશે. આ પ્રસંગે ડેપો મેનેજર કે.કે. પરમાર સહિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, કંડકટર અને ડ્રાઈવર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બાલાસિનોરમાં વીજળી કંપનીના ધાંધિયા : કિડનીના દર્દીઓ ત્રસ્ત

સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વીજ પુરવઠો ખોરવાતાં ડાયાલિસીસ સેન્ટર શોભાના ગાંઠિયા સમાન બન્યું

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.1

બાલાસિનોરમાં મધ્ય ગુજરાત વીજ કંપનીની અણઆવડત અને બેદરકારીના કારણે કિડનીના દર્દીઓને પારાવાર મુશ્કેલી પડી રહી છે. અત્રેના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વારંવાર વીજળી પુરવઠો ખોરવાતાં ડાયાલિસીસ સેન્ટર પર સારવાર લેતા દર્દીને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સતત આ સમસ્યાથી દર્દીઓને વડોદરા અને આણંદ, નડિયાદ તરફ ડાયાલિસીસ કરાવવા જવું પડે છે. આ અંગે ધારાસભ્ય સહિત ઉચ્ચ કક્ષાએ દર્દીઓ દ્વારા રજુઆત કરવામાં આવી છે.

બાલાસિનોરના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ડાયાલિસીસ સેન્ટર શરૂ થયુ તે સમયે કિડનીના દર્દીઓને ડાયાલિસીસ માટે વડોદરા કે નડિયાદ, આણંદ જવુ નહીં પડે તેવો દાવો કરવામાં આવ્યો હતો. પરંતુ સરકારના જ મધ્ય ગુજરાત વીજ કંપનીની અણઆવડતથી આ ડાયાલિસીસ સેન્ટરનો પુરેપુરો લાભ દર્દી લઈ શકતાં નથી. બાલાસિનોર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ચાલતા ડાયાલિસીસ સેન્ટરમાં વારંવાર વિજ પુરવઠો ખોરવાઈ જાય છે. તેમાંય ઈમરજન્સી ઈલેક્ટ્રીક પાવરની કોઈ વૈકલ્પિક વ્યવસ્થા હોવાથી ડાયાલિસીસ દરમિયાન દર્દીને તકલીફનો સામનો કરવો પડે છે. આ અંગે છેલ્લા 2 વર્ષથી વારંવાર રજુઆત કરવા છતાં તેનો કોઈ કાયમી નિવેડો આવ્યો નથી. તેમાંય પડતા પર પાટુ હોય તેમ ડાયાલિસીસ વિભાગમાં સેવા લેતા તમામ દર્દીની સારવાર દરમિયાન હોસ્પિટલના મુખ્ય અધિકારી દ્વારા કોઈ દર્દીની સાર - સંભાળ લેવામાં આવતી નથી. દર્દીને લેબ રિપોર્ટ બરાબર આપવામાં આવતો નથી. જેથી અનેક ગણી ફિ ચુકવી બહાર રિપોર્ટ કરાવવો પડે છે.

આ ઉપરાંત દર્દીઓએ ફરિયાદ કરી છે કે, અઠવાડિયામાં 2થી 3 વખત ડાયાલિસીસ કરાવવા માટે જવુ પડે છે. આ ડાયાલિસીસ ચાર કલાકનું હોય છે. તે દરમિયાન દર્દીને કોઈ સુવિધા આપવામાં આવતી નથી. જ્યારે ટેકનિશયન દ્વારા મંગાવવામાં આવતી વસ્તુની પણ સુવિધા આપવામાં આવતી નથી. આ રજૂઆતમાં મહેન્દ્રભાઈ ચૌહાણ, રાજેન્દ્રભાઇ ઠાકોર, ભાવેશભાઈ કોટવાલ વિગેરે જાડાયાં હતાં.

કપડવંજના બંધ મકાનોમાં 1.90 લાખની ઘરફોડ ચોરી

(પ્રતિનિધિ) કપડવંજ, તા.1

કપડવંજના કરશનપુરા રોડ પર આવેલી રાજસ્થાની કોલોનીમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. બે બંધ મકાનોમાં દાગીના સહિત રૂ.1.90 લાખની મત્તાની ઘરફોડ ચોરી કરી તસ્કરો ભાગી ગયાં હતાં.

કપડવંજની રાજસ્થાની કોલોનીમાં રહેતા વિનોદભાઇ રતિલાલ રાઠોડના પાડોશી કાકી ગીતાબેન દીકરાના ઘરે ઈન્દોર ગયાં હતાં. તેઓએ મકાનની સારસંભાળ વિનોદભાઇને સોંપી હતી. જે મુજબ વિનોદભાઇ 29મીની વ્હેલી સવારે નોકરીએ ગયાં હતાં. ત્યારે કાકાના દિકરા જીગરભાઇનો ફોન આવ્યો હતો. જેમા તેમણે બાજુમા ગીતાબેનના મકાનમાં ચોરી થઇ હોવાના સમાચાર આપ્યા હતા જેથી વિનોદભાઇ તબડતોબ ઘરે પહોંચ્યાં હતાં. જયા કાકી ગીતાબેનના મકાનમાં જઇને જોતા બન્ને તિજોરી તુટેલી હતી અને તિજોરીનો સામાન વેરવિખેર પડયો હતો. જો કે ચોરીના આ મામલામાં પાડોશી વિનોદભાઇ પણ લૂંટાયાં હતાં. તેમને મકાનનું કામ ચાલતુ હોઇ તેમણે દાગીના ગીતાબેનને ત્યાં સાચવવા રાખ્યાં હતાં. તે અને રોકડ મળી કુલ રૂ.1.70 લાખની ચોરી કરી થઇ હતી. આ ઉપરાંત ફળીયામાં રહેતા શાન્તાબેન મારવાડીનું મકાન દશેક દિવસથી બંધ હાલતમાં હતુ. જેનો ફાયદો ઉઠાવી તસ્કરોએ દરવાજાનો નકુચો તોડી તિજોરીમાથી 20 હજાર રોકડની ચોરી કરી હતી. આ સમગ્ર ચોરીના મામલે વિનોદભાઇ રાઠોડે ખેડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

આણંદ કૃષિ યુનિ. ખાતે 'એગ્રીફૂડ સ્ટાર્ટઅપ સીડ કેમ્પ'માં 40 સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન અપાયું

આણંદ | કૃષિ અને ખાદ્ય ટેક્નોલોજી ક્ષેત્રે નવીન ઉદ્યોગોનાં વિકાસ માટે આણંદ કૃષિ યુનિવર્સિટીની સેક્શન 8 સંસ્થા 'એઆઈસી આણંદ ફાઉન્ડેશન' દ્વારા 'એગ્રીફૂડ સ્ટાર્ટઅપ સીડ કેમ્પ'નું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના RKVY, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના સહયોગથી આયોજિત આ સાત દિવસીય કાર્યક્રમમાં દેશભરના 40થી વધુ કૃષિ-સ્ટાર્ટઅપ્સને વ્યવસાયિક દિશામાં આગળ વધવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. આ પ્રસંગે કુલપતિ ડો. કે. બી. કથીરીયાએ 'એગ્રીફૂડ સ્ટાર્ટ અપસીડ કેમ્પ અંતર્ગત વિવિધ વર્કશોપ્સ, મેન્ટર મેચિંગ અને પિચિંગ સેશનના માધ્યમથી સ્ટાર્ટઅપ્સને તેમના ઉદ્યમના વિકાસ માટે તૈયાર કરવામાં આવ્યાં હતાં.

વીરપુર ડીવાઈન વિદ્યાસંકુલ ખાતે તાલુકા કક્ષાની કબડ્ડી રમત યોજાઇ

વીરપુર | વીરપુર મહિલા ઉત્કર્ષ મંડળ સંચાલિત સ્વામી વિવેકાનંદ જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સલેન્સ વીરપુર દ્વારા ડિવાઇન વિદ્યાસંકુલ વીરપુર ખાતે તાલુકા કક્ષાની કબડ્ડીની રમત યોજાઈ હતી. જેમાં વિરપુર મહિલા ઉત્કર્ષ મંડળ સંચાલિત સંસ્થા તાલુકા કક્ષાએ કબડ્ડીની અંદર વિજેતા થઈ હતી તેઓ 18મી ઓગષ્ટ, 2025 ના રોજ લિંભોલા ખાતે જિલ્લા કક્ષાની રમત રમવા જશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

આણંદના બાકરોલ સ્થિત સ્પેક કેમ્પસ 'સત્યનારાયણ કથા'નું આયોજન કરાયું

આણંદ | તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ, સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ-એમબીએ., સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ કોલેજ ઓફ ફાર્મસી, સરદાર પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ, સરદાર પટેલ કોલેજ ઓફ કોમર્સ તેમજ સરદાર પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ એપ્લાયડ સાયન્સ બાકરોલમાં વિવિધ ડીપાર્ટમેન્ટ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે પહેલા સોમવારે સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના કાર્યકારી આચાર્ય, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ તેમજ વિદ્યાર્થી ભાઈઓ - બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

લુણાવાડાની એસકે હાઈસ્કૂલ રાજમહેલ બ્રાન્ચ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

લુણાવાડા | એસકે હાઈસ્કૂલ રાજમહેલ બ્રાન્ચ ખાતે એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્વસ્થ રહો તંદુરસ્ત રહો નિરોગી રહો અને વ્યસન મુક્ત રહો તે અંગે રંગલા રંગલીના પાત્રો દ્વારા શાળાના નાના ભૂલકાઓને સમજાવવામાં આવ્યાં હતાં. જેમાં મોટી સંખ્યામાં બાળકો હાજર રહ્યાં હતાં. જ્યારે શિક્ષકો પણ રહ્યા હતા. આ કાર્યક્રમના આયોજન બદલ મંડળના પ્રમુખ મુનેન્દ્રભાઈ પટેલ દ્વારા શાળા પરિવારને અભિનંદન પાઠવ્યાં હતાં અને આચાર્ય દ્વારા કાર્યક્રમ કરવા બદલ ભવાઈ ટીમ અને શાળાના આયોજક શિક્ષકોનો આભાર માન્યો હતો.

કપડવંજની જીવનશિલ્પ ઈન્ટર. સ્કૂલમાં પ્રકૃતિ સંરક્ષણ નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ

કપડવંજ | જીવનશિલ્પ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ 5 થી 9ના વિદ્યાર્થીઓ માટે 'પ્રકૃતિ સંરક્ષણ' વિષય પર નિબંધલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનું મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં પર્યાવરણીય જાગૃતિ ફેલાવવી અને પ્રકૃતિના મહત્ત્વને સમજાવવાનું હતું. આ વિદ્યાર્થીઓએ પોતાની કલમ દ્વારા પ્રકૃતિની રક્ષા માટેની જવાબદારી દર્શાવી અને વિવિધ સૂચનો પણ આપ્યાં હતાં. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સુંદર વિચારો રજૂ કર્યા હતા. આ શાળાના ડાયરેક્ટર સિદ્ધાર્થ પટેલે જણાવ્યું હતું કે, આવી સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓમાં સાનુકૂળ વિચારો અને સર્જનાત્મકતા વિકસે છે અને તેઓમાં પર્યાવરણ પ્રત્યે પ્રેમ તેમજ જવાબદારીની ભાવનાનું બીજ રોપાય છે.

કપડવંજની શાળામાં બાળકોને પેડ તેમજ પાણીની બોટલની કીટ આપવામાં આવી

કપડવંજ | કપડવંજ તાલુકાના વસ્તાજીના મુવાડા પ્રાથમિક શાળામાં દરેક બાળક ભણે નતે આગળ વધે એવી ભાવના રાખનાર એવા ચૌહાણ રણજીતસિંહ અભેસિંહ (રહે.પાલનપુર) તરફથી તિથિ ભોજન અને બાળકો માટે પેડ તથા પાણી બોટલની કીટ વિતરણ કરવામાં આવી હતી. આ પ્રાથમિક શાળા વસ્તાજીના મુવાડા ખાતે ગામના યુવાનો એવા જયેશભાઈ રાઠોડ, અજયભાઈ રાઠોડ, અજમેલભાઈ રાઠોડ, ગણપતસિંહ ચૌહાણ, પ્રભાતસિંહ બારૈયાએ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો.

નડિયાદની કેડીસીસી બેંક દ્વારા સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર કાર્યક્રમ યોજાયો

નડિયાદ | અમદાવાદ સ્થિત ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લિમિટેડના ચેરમેન અજયભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તથા આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ 2025ની ઉજવણીના ઉપક્રમે કેડીસીસી બેંક દ્વારા બેંક કાર્યક્ષેત્રની દૂધ ઉત્પાદક સહકારી મંડળી તથા સેવા સહકારી મંડળીના બેંક સાથી બનેલા સેક્રેટરીઓ તથા ચેરમેન સાથે ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો ઓપરેટીવ બેંક લી. નડીઆદના ચેરમેન તેજસકુમાર બી. પટેલ તથા પેટલાદ ધારાસભ્ય કમલેશ પટેલ અને બેંકના સંચાલક મંડળ દ્વારા વિવિધ બેંકિંગ સુવિધાઓ તથા માઇક્રો એટીએમના ઉપયોગ થકી જાગૃતિ લાવી બેંકના ગ્રાહકો-સભાસદોને ગામમાં જ મંડળી ઉપર જ દૂધ બીલનું પેમેન્ટ મળી રહે તે અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આણંદમાં ઔષધિય અને સુગંધિત પાકોની ખેતી વિષય પર તાલીમ અપાઇ

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઔષધિય અને સુગંધિત પાકોની ખેતી વિષય પર ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોવીડ બાદ લોકોમાં જાગૃતતા વધતા બજારમાં ઔષધિય આડપેદાશોની માંગ એકાએક ખુબજ વધી છે. આ હેતુ માટે ઔષધિય અને સુગંધિત વનસ્પતિ સંશોધન કેન્દ્ર દ્વારા ખેડૂત ઉપયોગી વિવિધ નવીનતમ ટેકનોલોજી વિકસાવવામાં આવે છે. આ તાલીમ કાર્યક્રમમાં રાજયના ઔષધિય અને સુગંધિત પાકોની ખેતીમાં રસ ધરાવતા કુલ 38 ખેડૂત ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધો હતો.

વિદ્યાનગરની આઈબી પટેલ ઇંગ્લિશ સ્કૂલને સક્ષમ શાળા એવોર્ડથી નવાજવામાં આવી

આણંદ | જિલ્લાના સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ આયોજિત બેઝ સર્વે અનુસાર શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક પ્રવૃત્તિઓના સમગ્ર મૂલ્યાંકન બાદ આઈબી પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ સેક્શન)ને 'સક્ષમ શાળા એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડ વિધાનસભાના મુખ્ય દંડક રમણભાઈ સોલંકીના હસ્તે શાળાના આચાર્ય ભાવેશભાઈ ભટ્ટને સન્માનપૂર્વક આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે આણંદ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા શિક્ષણ અધિકારી, પ્રાથમિક શિક્ષણ અધિકારી તેમજ તાલુકા તથા જિલ્લા પંચાયતના પ્રમુખો પણ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના શૈક્ષણિક ગુણવત્તા, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, વિદ્યાર્થીઓની સર્વાંગી વિકાસ કેન્દ્રિત કામગીરી, પર્યાવરણ , સ્વચ્છતા સહિતના પાસા તપાસવામાં આવે છે.

બાકરોલની સ્પેક બી.એડ્. કોલેજમાં સંતવાણી કાર્યક્રમનું આયોજન કરાયું

આણંદ | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં આઈક્યુએસી સેલ અંતર્ગત ઇન્ડક્સન કાર્યક્રમમાં સંતવાણી કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.પ્રભાત કાસરા અને આઈક્યુએસીનાં કો-ઓર્ડીનેટર ડો.આરતીબેન પટેલ અને પોગ્રામ કો-ઓર્ડીનેટર ડો.શૈલેશ તળપદા અને પ્રા.અનિતાબેન મકવાણાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આદિગુરુ દાસ (ઇસ્કોન મંદિર, વલ્લભ વિદ્યાનગર) હાજર રહ્યા હતા. આ પ્રસંગે આદિગુરુદાસે જણાવ્યું હતું કે, વિદ્યાર્થી પોતાની સમસ્યાનો ઉકેલ કેવી રીતે લાવવો ? સંચાલન પ્રા.નિલેશ રોહિત અને આભારવિધિ ડો. ધર્મિષ્ઠા ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી.

આણંદના કસ્તુરબા કન્યા વિદ્યાલય ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં મહેંદી સ્પર્ધા યોજાઇ

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલય ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં એકબીજાના હાથમાં સુંદર મહેંદીની ભાત કરી પોતાનામાં રહેલી કલાને વ્યક્ત કરી હતી. આ આયોજનની તક આપી વિદ્યાર્થિની બહેનોને પ્રોત્સાહિત કરવા બદલ સંસ્થાના મંત્રી કેતનભાઇ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મહેશ દાદા, આચાર્યા નિરાલીબેન ખંડેલવાલ, સુપરવાઇઝર અમિતભાઈ પટેલ તેમજ શિક્ષક મિત્રોએ સર્વે બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી.